**ફો.કેસ નં. :– ૨૯૪/૨૦૨૬**
**આંક:– ૪૫**
**શરૂ–૦૪:૨૬, પુર્ણ–૦૪:૩૭**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | | | |
|---|---|---|---|
| મારુ નામ :– | પાંચાભાઈ | પિતા/પતિનું નામ:– | મેરાભાઈ ભરવાડ |
| | | ઉ.વ.:– | ૩૬ |
| ધંધો:– | વેપાર | સરનામુ:– | પંચમુખી ઢોરો, હળવદ, જી.મોરબી. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) હું તા.૦૪/૧૨/૨૦૨૫ના રોજ રણજીતગઢ ગામના પાટીયા પાસેથી નીકળેલ ત્યારે પોલીસે મને સાત લાખ રૂપીયાની હરીદર્શન હોટલની પાછળ કેનાલથી આગળ લુંટ થયેલ તેનુ પંચનામુ કરવા બોલાવેલ. પોલીસનો મને ફોન આવેલો જેથી અમે રણજીતગઢ ગામના પાટીયા પાસે ગયેલા. ત્યાં પોલીસ ેઆરોપી રાહુલ તથા કીશનને પકડેલ હતા. ત્યાં આઈ ટવેન્ટી કાર હતી તે રાહુલ ચલાવતો હતો અને ભરવાડ બાજુમા બેઠેલ હતા. આ આઈ ટવેન્ટી ગાડીનો નંબર જીજે–૨૭–એએચ–૨૪૪૦ હતો અને આ ગાડી સફેદ કલરની હતી અને પોલીસે ગાડીની તપાસ કરતા કાળો થેલો મળી આવેલ અને તે થેલામાંથી એક લાખ એકસઠ હજારની આસપાસની રકમ મળી આવેલ. પોલીસે આ રૂપીયા તથા ગાડી કબજે કરેલા અને સમય રાત્રે આઠ વાગ્યાના આસપાસનો હતો અને આ ગાડીમાંથી ગાડી વેચાણના કાગળ મળી આવેલ. ત્યારબાદ આરોપીઓ તથા મુદામાલ લઈને પોલીસ સ્ટેશને આવેલા અને પોલીસે પંચનામામા સહી લીધેલી. મને આંક–૨૧વાળુ પંચનામુ બતાવવામા આવેછે જેમા પંચ–૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ.

આરોપીઓને જોયેથી ઓળખુ છુ, આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઉભા કરી નામ પુછતા પોતાનુ નામ રાહુલ વિજયભાઈ હળવદીયા અને કીશન મોતીભાઈ પરસાડીયા હોવાનુ જણાવે છે.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.યુ.સોલંકી**

(૨) એ વાત ખરી નથી કે પોલીસે લખેલ તૈયાર પંચનામામા મે સહી કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું ત્યાં હાજર હતો. એ વાત ખરી છે કે હું ઘણા બધા કેસોમા પંચ તરીકે જુબાની આપવા આવુ છુ. એ વાત ખરી છે કે પંચની જરૂર પડે ત્યારે મને પોલીસ પંચ તરીકે બોલાવે છે. એ વાત ખરી છે કે પોલીસે વિગતો લખ્યા બાદ મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે આ વિગતો પોલીસે લખેલી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૨૦/૦૪/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*